# કચ્છના અબડાસામાં પુનઃ પ્રાપ્ય ઉર્જા પાર્ક બનશે

ભુજ, સોમવાર

ઈન્ડ આર્યા ગ્રીન પાવર પ્રા. લિ. દ્વારા વૈશ્વિક ગ્રીન એનર્જીની જરૂરિયાતને પૂર્ણ કરવ માટે કામ કરે છે. આ કંપની દ્વારા કચ્છના અબડાસામાં સંકલિત પાર્ક ૨૦૦૦ એકરમાં સ્થાપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૩૦૦ મેગા વો. સૌર ઉર્જા અને ૨૫ મે.વો. પવન ઉર્જાનું ઉત્પાદન કરશે.

આમ દેશમાં એક જ સ્થળેથી પુન પ્રાપ્ય ઉર્જાના ઉત્પાદનનું સૌથી મોટું સ્થળ બનશે. અબડાસા તાલુકામાંથી સમગ્ર એશિયા પેસિફીકની કામગીરીનું સંચાલન કંપની કરશે. તપરાંત કંપનીમાં ૯૦ ટકા સ્ઠાફ કચ્છનો ભરવામાં આવશે તેવું જણાવ્યું હતું.